R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction (મો).૯૮૨૫૧૬૯૩૮૯

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR- 20•ISSUE: 23 DATE: 04-06-2016•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

## મહારાષ્ટ્રના પુલગાંવ ખાતે આવેલ મીલટરી શસ્ત્રગાર ખાતે ફાટેલી ભીષણ આગ માટે શિવસેનાએ કેન્દ્ર સરકારને જવાબદાર ઠેરવી

મહારાષ્ટ્રના પુલગાંવ ખાતે આવેલ ભારતીય લશ્કરના મોટા શસ્ત્રગાર ખાતે ફાટી નિકળેલ ભીષણ આગમાં ૧૯ જેટલા સૈનિકાના બળી જવાને કારણે મોત નિપજ્યા હતા.અને શસ્ત્રભંડારમાં રહેલા અનેક શસ્ત્રો અને વિસ્ફોટોનો નાશ થયો હતો.ભાજપના સાથી પક્ષ શિવસેનાએ આ માટે કેન્દ્ર સરકારને જવાબદારી લેવા કહ્યુ હતું. એટલું જ નહીં પરંતુ તેણે આ ઘટનામાં કોઈ ભાંગફોડ પ્રવૃત્તિની શંકા દર્શાવી છે.આપણા દુશ્મનો જેવા કે ચીન અને પાકિસ્તાન આગમાં શસ્ત્રાગાર ખાક થઈ ગયો તેનાથી હરખાયા હશે આટલું નુકશાન તો યુધ્ધમાં પણ થતું નથી.આપણી સરકાર તો ફક્ત દુઃખ અને ગ્લાનિ વ્યકત કરીને રહી જાય છે.અને ઘટનાનો તપાસનો આદેશ આપી દે છે.આ એક શરમજનક બાબત છે કે રાષ્ટ્રની સુરક્ષાની બાબતે આ પ્રકારની લાપરવાહી દાખવવામાં આવી રહી છે તેમ પાર્ટીના મુખપત્ર સામનામાં લખાયું છે.દેશનું સૈન્ય સરહદ ઉપર દુશ્મનો સામે લડવા જાય અને તેમની પાસે હથિયારો ખુટી પડે ત્યારે તેઓ ક્યાં જશે ? તેના માટે કોણ જવાબદાર ? કેન્દ્ર સરકાર તેની જવાબદારીમાંથી ભાગી શકે નહી.આગ સામાન્ય નહોતી અને તેનાથી ઘણા સવાલો પેદા થયા છે.તેમ શિવસેનાએ કહ્યુ છે.

દરમિયાન, આગની ઘટનામાં મૃત્યુઆંક વધીને ૧૯ પર પહોચ્યો છે.બચાવકારોએ વધુ ત્રણ મૃતદેહો શોધી કાઢ્યા છે.સંરક્ષણ વિભાગના સુત્રોએ કહ્યુ છે કે આ મૃતદેહો ઓળખી શકાય તેમ નથી.ખેર, આ બાબતે સરકારે માત્ર તપાસના આદેશો કરીને રોકાઈ જવા જેવું નથી.માત્ર પડોશીઓ તરફથી જ નુકશાન પહોચે તેવી શંકાઓ કરતાં અન્યે બાબતો પર પણ તપાસ કરવી યોગ્ય છે. દેશ આવું નુકશાન સહન કરી શકે નહી કારણકે આ નુકશાનમાં અનેક લશ્કરી જવાનોનો ભોગ લેવાયો છે.

## સરકાર ગંગાજળના ઓનલાઇન ઓર્ડર લઇ ઘેર ઘેર પહોચાડશે : મંત્રી રવિશંકરપ્રસાદ

કેન્દ્રીય મંત્રી રવિશંકરપ્રસાદે જણાવ્યુ હતું કે સરકાર હવે હિરદ્વાર અને ઋષિકેશથી સીધા લોકોના ઘેર ગંગાજળ પહોચાડશે.તે માટે લોકો ઓનલાઇન ઓર્ડર કરી શકશે.ગંગાજળના ગ્રાહકના ઘર સુધી પહોચાડવામાં ટપાલ વિભાગ મદદ કરશે.ઓનલાઇન વેચાનારા ગંગાજળની કિંમત હવે પછી નક્કી થશે.તેમણે એક વાન રવાના કરી હતી જે દેશભરમાં સરકારની ડીજીટલ ઈન્ડીયા ઝુંબેશનો પ્રચાર કરશે.

## રિઝર્વ બેન્કના ગર્વનર રઘુરામ રાજન બીજી ટર્મ માટે સંમત નથી !

કોઈપણ સારા વ્યક્તિની હકાલપટ્ટી કરવી હોય તો તેની પર જાત જાતના વ્યક્તિગત આક્ષેપો મુકવા એટલે તેને કાઢી મુકવાની જરુર ના પડે એ એની જાતે જ જતો રહે.કદાચ આ ઉક્તિ રિઝ્રવ બેન્કના ગર્વનર રાજનના કેસમાં લાગુ પડી શકશે. ભાજપના નેતા સુબ્રમણ્યમ સ્વામીએ તેમની પર કરેલા બેફામ આક્ષેપોને કારણે રાજન ખુદ બીજી ટર્મ માટે સંમત ના થાય એ વાતમા દમ લાગે છે.રાજન માટે વિશાળ દુનિયા પડી છે અને તેમની કદર કરનારાઓ અનેક પડયા છે. અને તે પાછા તેમના માન સન્માન સાથે.

રાજનની કારકીર્દી બાબતે કશું કહેવા પણુ નથી.વિશ્વના પ્રતિષ્ઠિત અર્થશાસ્ત્રીઓ તેમની ગણના થાય છે. જ્યારે સામે પક્ષે સ્વામીની બાબતે પણ કશું કહેવા પણું નથી. તેઓની ગણના દેશના એવી વ્યક્તિઓમાં થાય છે કે જેઓ કોઈપણ જાતની ઉથલપાથલ કરી શકે છે.

## જાટોના અનામત મુદ્દે શરુ થનારા આંદોલનને કારણે હરિયાણા સરકાર સામે સંકટ

જાટ સમુદાયે અનામત મામલે નવેસરથી આંદોલન શરુ કરવાની ધમકીને કારણે હરિયાણા સરકાર સામે સંકટ ઉભુ થયું છે.જાટ સંઘર્ષ સમિતિ એ સાત રાજ્યોમાં આંદોલન છેડવાની ધમકી આપી છે. પરિણામે ગુજરાત,ઉત્તરાખંડ, દિલ્હી, પંજાબ, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં આ આંદોલનમાં જાટ સમુદાયનો લોકો સડકો પર ઉતરશે.જો કે હરિયાણા સરકારે પરિસ્થિતિ ગંભીર બની શકે તેવા અંદેશાને કારણે ૧૪૪મી કલમ લાગુ કરી દીધી છે. અને રાજધાની દિલ્હીને પાણીનો પુરવઠો પુરી પાડતી મુનક નહેર પર સીઆરપીએફ તૈનાત કરી દીધી છે.ગઈ વખતે જાટ આંદોલન હિસક બન્યુ હોવાને કારણે અર્ધલશ્કરી દળોને સ્નેન્ડ ટુના આદેશો જારી કરી દેવાયા છે.

હાઈકોર્ટે મનાઈ હુકમ આપ્યા બાદ જાટ સમુદાયે ફરીથી એકવાર પાંચમી જુનથી આંદોલન છેડવાની આપેલ ધમકીથી હરિયાણાંમાં પ્રભાવિત બનેલ આઠ જિલ્લાઓમાં અર્ધલશ્કરી દળોની ૧૦ કંપનીઓ તૈનાત કરી દેવાઈ છે.તેમજ સુરક્ષાવ્યવસ્થા કડક બનાવી દીધી છે.

હરિયાણાની સરકારે ૨૯ માર્ચના રોજ જાટોને અનામતની જોગવાઈ કરતો ખરડો પસાર કર્યો હતો. પરંતુ પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે હરિયાણા સરકાર દ્વારા તૈયાર કરાયેલી પછાત વર્ગોની નવી યાદીમાં જાટ સહિત અન્ય પાંચ સમુદાયને સમાવવાના નિર્યણ પર મનાઈ હુકમ આપ્યો હતો.

## દિલ્હીમાં આફ્રિકન નાગરિકો પર હુમલા કરીને આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતની અસહિષ્ણુતાની છબી બગાડનારાઓ પર સરકારે સખ્ત હાથે કામ લેવાની જરુરત

દિલ્હીમાં તાજેતરમાં વસંતકુંજ વિસ્તારમાં આફ્રિકાના કોગો દેશના વતનીની હત્યાના એક સપ્તાહ બાદ, છત્તરપુર વિસ્તારમાં ૧૦ લોકોના આતંકી ટોળાએ સાત આફ્રિકન નાગરિકો પર હુમલો કર્યો હતો.આતંકી ટોળામાં આફ્રિકન ત્રણ પુરુષ,ચાર મહિલાઓને લોખંડના સળિયા,લાકડીઓ,ઈંટો અને ક્રિકેટના બેટથી માર્યા હતા.આતંકી ટોળામાં આવેલ હુમલાખોરોએ આફ્રિકન લોકોને ભારત છોડી દેવાની ધમકી આપી હતી.દિલ્હી પાસે આવેલ છત્તરપુરના રાજપુર ખુર્દ ગામે આ બનાવો નોધાયા હતા.

પોલીસે આ હુમલાના સંદર્ભમાં અત્યાર સુધીમાં આઠ લોકોની ધરપકડ કરી છે.પોલીસે વંશીય હુમલાઓની શક્યતા નકારી કાઢી છે.હવે આ વિસ્તારમાં વસતા આફ્રિકન સમુદાયોની વસાહતમાં પોલીસે પેટ્રોલીંગ વધારે કરવાની વાત કરી છે. ગૃહમંત્રીએ હુમલાખોરો સામે પગલાં લેવા સાથે ઘટનાને વખોડી કાઢી છે.જ્યારે વિદેશમંત્રી સુષ્મા સ્વરાજે આ ઘટનાની ગંભીર નોધ લઈને આફ્રિકનોની સુરક્ષા બાબતે ચિંતા વ્યક્ત કરતાં ગૃહમંત્રી અને દિલ્હીના ગર્વનર સાથે ચર્ચા કરી હતી.

નાઈજીરીયાના એક નાગરિક લ્યુચીએ દાવો કર્યો હતો કે મારા અને મારા મિત્ર પર કોઈ કારણ વગર હુમલો કરાયો હતો. ત્યારબાદ તેમણે અમારા વિસ્તારમાં રહેતા આફ્રિકન નાગરિકો પર હુમલા શરુ કરી દીધા હતા.બીજા એક નાઈજીરીયનના જણાવ્યા પ્રમાણે આ હુમલાઓ સુનિયોજીત હતા.

આજ વિસ્તારમાં રહેતા આફ્રિકન નાગરિક કેનેથ ઈગ્બિનોશા,તેની પત્ની અને પુત્ર પર હુમલો કરાયો હતો.કેનેથે જણાવ્યુ હતું કે હુમલાખોરો લાકડીઓ,ક્રિકેટના બેટ વડે મારી કાર પર હુમલો કર્યો હતો.અમો માંડ જીવ બચાવીને નાસી છુટ્યા હતા.

ત્રીજી ઘટના પ્રમાણે યુગાન્ડાના નાગરિક વિક્કી અને તેના ભાઈ પિયરે પર હુમલો કરાયો હતો.તેમને બચાવવા આવેલ કેમરુનના નાગરિકો શમિરા અને તેની મિત્ર પર હુમલો કરાયો હતો.હુમલાખોરો બુમો પાડતા હતા કે ભારત છોડી જાવ.

આ તમામ ઘટનાઓ અને બનેલા અન્ય બનાવોને કારણે ભારતમાં વસતા આફ્રિકન નાગરિકોમાં ભય વ્યાપી ગયો છે.કેટલાક આફ્રિકન નાગરિકો વર્ષોથી દિલ્હીમાં વસવાટ કરી રહ્યા છે.થોડાક મહિનાઓ પહેલા બેગલોરમાં એક ટાન્ઝાનિયન મહિલાના વસ્ત્રો ફાડીનાંખી માર મારવામાં આવ્યો હતો.

સમગ્ર ઘટનાઓને જોતા અને હુમલાખોરીની હુમલો કરવાની જે રીતો છે તે જોતાં તેમની ઓળખ થતાં વાર લાગે તેમ નથી.છતાં પોલીસ અને રાજકીય હસ્તીઓનો તેમને સહારો હોવાની શક્યતાઓ વધુ બળવત્તર બનતી જાય છે.કેટલાક કટ્ટરવાદી પરિબળો દ્વારા દેશભરમાં આ રીતનું એક અભિયાન ચલાવી રહેલ સંસ્થાઓના કાર્યકરો એનડીએ અને ખાસ કરીને ભારતીય જનતા પાર્ટીનુ શાસન આવ્યા બાદ બેફામ બની રહી છે. સરાકરે તેમની સામે સખ્તાઈથી પગલાં ભરવાની જરુરીયાત છે.વિદેશ પ્રધાન સુષમા સ્વરાજે આ ઘટનાને ગંભીરતાથી લીધી છે. જ્યારે તેમના જુનિયર વી.કે.સિંહે ઘટનાને નજીવી ગણાવી છે.જો કે આફ્રિકન દેશામાં ભારતીય સાથે થયેલા વ્યવહારોનો બદલો લેવાની આ પ્રતિક્રિયા દેશની વિદેશ નીતિમાં ગંભીર અસરો પેદા કરી શકે છે.દેશની વિદેશ નીતિને મજબુત બનાવવાની વડાપ્રધાનની કસરતને કેટલાક પરિબળો નબળી બનાવી રહ્યા છે.

આજ પ્રમાણે દિલ્હીમાં થોડા વખત પહેલાં કેટલાંક ખ્રિસ્તી દેવળો અને સંસ્થાનો ને નિશાન બનાવાયા હતા.પરંતુ તેની તપાસમાં સરકારે હજુ સુધી કોઈની ધરપકડ કરી કે તેને સજા કરી હોય તેવું બહાર આવ્યું નથી. કારણ એટલું જ કે આ પરિબળોને સરકારના કેટલાક પરિબળોનો સુંવાળો સાથ મળી રહ્યો હોવાની શંકા છે.તેથી પોલીસ પણ કોઈ પગલાં લેતી નથી.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

દાદરીમાં ગયા વર્ષના સપ્ટેમ્બરમાં હિન્દુ કટ્ટરવાદીઓના ટોળાએ એક ઈકલાક નામના બાવન વર્ષીય મુસ્લીમને તેના ઘરમાં ઘુસી જઈને ગૌમાંસ ખાવાના મુદ્દે રેહસી નાખ્યો હતો. ટોળાને વહેમ હતો કે એ ઘરમાં એ દિવસે ગૌમાંસ રાંધવામાં આવ્યુ હતું અને ખાવામાં આવ્યુ હતું.એ પછી ખરેખર એ દિવસે ઘરમાં ગૌમાંસ ખવાયું હતુ કે રાંધવામાં આવ્યુ હતું તે હજુ સુધી તેના વિરોધાભાસી અહેવાલો આવતા રહ્યા છે. જો કે એક લેબોરેટરીનો રીપોર્ટ કહે છે કે તે બકરાનું માસ હતું.બીજી લેબોરેટરી એ કહ્યુ છે કે તે ગૌમાંસ હતું. હવે યુપીએ સરકારના મુખ્યપ્રધાન અખિલેશ યાદવ અને તેમની પોલીસ કહે છે કે જે નમુના માટે ગૌમાંસ લેવાયેલ હતું તે ઈકલાખના ઘરમાંથી નહી પરંતુ તેની ઘરની બહારના ત્રણ રસ્તા પાસેથી લેવાયેલ હતું.

હવે ભાજપના સાંસદ યોગી આદિત્યનાથ અને અન્ય હિદુત્વવાદી નેતાઓ આ વિવાદમાં ઝંપલાવ્યું છે.અને આ મુદ્દે તેઓ યુપીમાંથી એક ઈકલાક નામના મુસ્લીમની ઘરમાં જઈને કત્લ કરનારાઓને નિર્દોષ છોડવવા માટે મેદાનમાં આવી ગયા છે.ગૌમાંસ જો ખવાયું છે તેથી ભાજપ કે તેના સાથી પક્ષના કાર્યકરોને કોઈની હત્યા કરવાનો આ દેશમાં ભાજપે સત્તા મેળવ્યા પછી બંધારણે તેમને અધિકાર આપી દીધો હોય તેવી માન્યતા ધરાવતા થઈ ગયા છે.દાદરીના મુદ્દે દેશમાં અસહિષ્ણુતાના મુદ્દે ભારે હંગામો મચ્યો હતો. હવે એક વર્ષ બાદ ફરીથી આ ભુત ધુણાવવા પાછળનો રાજકીય હેતુ દેખાઈ રહ્યો છે.રીપોર્ટના ફેરફારો સુચવે છે કે ઉત્તરપ્રદેશમાં આવનારી ચુંટણીઓમાં ગૌમાંસના મુદ્દે ગરમાવો લાવી ચુંટણી જીતી જવાનો ભાજપનો અસલી પ્લાન દેખાઈ રહ્યો છે. ગૌમાંસ,અને મંદિરના મુદ્દે રાજકીય રોટલા શેકવાની તેમની મનસા કોનાથી અજાણી છે.

ઉત્તરપ્રદેશમાં વિધાનસભા ચુંટણી કાઉન્ટડાઉન શરુ થઈ ગયું છે.દેખીતી રીતે આ નિમિત્તે રાજકીય રીતે શક્ય તેટલો ફાયદો લઈને પોતાની વોટબેન્ક મજબુત કરવાનો દાવ રાજકીય પક્ષો રમી રહ્યા છે.કોઈપણ મુદ્દે વ્યક્તિની હત્યા કરવાનો હક્ક કોઈપણ ટોળાંને દેશના ક્યા કાયદા હેઠળ મળે તે સવાલ ભાજપના નેતાઓએ તેમની જાતને પુછવાની જરુર એટલા માટે છે કે હાલમાં દેશમાં રાષ્ટ્રીય કક્ષાએ તેમના પક્ષની સરકાર સત્તારુઢ છે અને આ સરકાર બંધારણના પાલનના શપથ લઈને સત્તા પર બેઠી છે.

ઉત્તરપ્રદેશમાં ૨૦૧૩ના રમખાણો થયા હતા. આ રમખાણોને પગલે થયેલા કોમી ધ્રુવીકરણનો ભાજપને ૨૦૧૪ની લોકસભામાં મબલખ ફાયદો થયો હતો. આથી શક્ય છે કે યુપી વિધાનસભાની ચુંટણી પહેલા દાદરી મુદ્દો ફરીથી ચગાવવામા આવે.મત મેળવવા માટે રાજકીય પક્ષો ગમે તે હદે જઈ શકે છે.પરંતુ તેનાથી સામાજીક રીતે ભારે નુકસાન પહોચશે.

તાજેતરમાં ગુજરાતમાં આદિવાસી ખ્રિસ્તીઓના વસ્તી ગણતરીના આંકડાઓ તેમની જ સરકારે જાહેર કર્યા છે.તેમાં સરકારે જણાવેલ આદીવાસી ખ્રિસ્તીઓની વસતી ૧.૨૧ લાખની છે.જ્યારે છેલ્લા ૧૫ વર્ષથી સમગ્ર આદિવાસી પટ્ટો ખ્રિસ્તી પાદરીઓની વટાળ પ્રવૃત્તિથી ખ્રિસ્તી બનાવી દેવાયો હોવાની કાગારોળ કરીને વિશ્વ હિંદુ પરિષદે દેશ વિદેશમાં અનેક બુમરાણો કરીને હિદું મતોનું ધ્રુવીકરણ કર્યું અને ગુજરાતમાં હિદુત્વના નામે સરકાર છેલ્લા ૧૫ વર્ષથી રચી.આ ૧૫ વર્ષો દરમિયાન ડાંગ અને બીજા વિસ્તારોમાં આ કટ્ટરવાદીઓના ટોળાઓએ અનેકો વખત ખ્રિસ્તીઓ અને તેમની સંસ્થાઓને નિશાન બનાવ્યા.જ્યારે ખરેખર આ વસતી ગણતરીના આંકડાઓ સત્ય બતાવે છે કે આવું કશું અસ્તિત્વ ધરાવતું નથી. માત્ર જુઠ્ઠાણાઓ ફેલાવીને લોકમાનસ પર ખોટી અસરો ઉપજાવી અને સત્તા મેળવવી એ અસહિષ્ણુતા નહી તો બીજુ શું!

# રિઝર્વબેન્કના ગર્વનર રઘુરામ રાજનના મુદ્દે બળાપો કાઢતા સુબ્રમણ્ય સ્વામી સામે ચિદમ્બરમનો આકરો પ્રહાર

ભારતીય જનતા પાર્ટીના હાલમાં રાજ્યસભામાં વરાયેલા નવા ભારતીય જનતા પાર્ટીના સભ્ય સુબ્રમણ્ય સ્વામી છેલ્લા કેટલાક સમયથી રિઝર્વ બેકના ગર્વનર રઘુરામ રાજન સામે બેફામ વાણી પ્રહારો કરી રહ્યા છે અને આ અંગે તેઓ વડાપ્રધાનને પત્ર લખી રહ્યા છે તેવા અહેવાલો અખબારોમાં અવારનવાર પ્રગટ થયા કરે છે.સુબ્રમણ્યમ સ્વામીના આ પ્રહાર અને રાજનને કાઢી મુકવાની ઈગ્ર માંગણીના સંદર્ભમાં કોગ્રેસના માજી નાણાં મંત્રી ચિદમ્બરમે ઝંપલાવ્યું છે. તેમણે કહ્યુ હતું કે શું મોદી સરકાર રાજનને લાયક છે કે નહી.

રાજનને આરબીઆઈના ગર્વનર તરીકે બીજી ટર્મ આપવી જોઈએ કે નહીં તેવા સવાલના જવાબમાં ચિદમ્બરમે રાજનની ભારોભાર પ્રશંસા કરતાં કહ્યુ હતું કે રાજન વિશ્વમાં સૌથી અસાધારણ અર્થશાસ્ત્રીઓ પૈકી એક છે.મને તો વિચાર થાય છે કે શું આ સરકાર ડો.રાજનને લાયક છે કે કેમ.

ચિદમ્બરમે સૌપ્રથમ તો સ્વામી રાજન પર પ્રહાર અંગેના પ્ર્શ્નો ટાળ્યા હતા અને કહ્યુ હતું કે વડાપ્રધાન મોદી કે નાણાંમંત્રી આ બાબતે બોલે તે જરુરી છે.તો તેઓ તેની પ્રતિક્રિયા આપશે.જો કે બાદમાં તેમણે કહ્યુ હતું કે યુપીએ સરકારે વિશ્વના સૌથી અસાધારણ અર્થશાસ્ત્રીઓ પૈકી એક રાજનને નિયુક્ત કર્યા હતા.અમને તે સમયે પણ તેમના પર સંપુર્ણ વિશ્વાસ હતો.અને આજે પણ છે.રાજને વ્યાજના દર સતત ઉંચા રાખ્યા તે અંગે નાણાં મંત્રીને કોઈ પણ વાંધો છે કે કેમ તેવા સવાલના જવાબમાં ચિદમ્બરમે કહ્યુ કે યુપીએ સરકાર આરબીઆઈના તમામ ગર્વનર સાથે સૌથી સારા સબંધ ધરાવતી હતી.સમગ્ર વિશ્વમાં નાણામંત્રી અને સેન્ટ્રલ બેંકના ગર્વનર વચ્ચે ચર્ચા થતી રહે છે.નાણામંત્રી ગર્વનરની ક્ષમતા પર સવાલ ઉઠાવી રહ્યા છે તેવો તેનો અર્થ નથી.

ઉલ્લેખનીય છે કે સુબ્રમણ્યમ સ્વામીએ રાજન પર ઉગ્ર પ્રહાર કર્યા છે.અને ૧૫ દિવસમાં વડાપ્રધાનને બે વાર પત્ર લખીને રાજનને આરબીઆઈના ગર્વનરપદેથી તાત્કાલિક હાંકી કાઢવની માંગણી કરી છે.તેમના મતે ભારત માટે રાજન બરાબર નથી.

જો કે રાજનની મુદત લંબાવાશે કે કેમ તે મીડીયામાં ચર્ચાનો વિષય નથી તેવું ખુદ વડાપ્રધાને કહ્યું છે.પરંતુ રાજન રહેશે કે જશે તે મુદ્દા પર અફવાઓ અને અહેવાલોનો દોર જારી રહેશે.રાજન પોતે બીજી ટર્મ મેળવવા માટે રાજી નથી.મોદીની અનિચ્છા છતાં રાજનના મુદ્દે આવી ચર્ચા ચાલી રહી છે.અને તેની ગંભીર અસરો માર્કેટ પર પડી રહી છે.

રાજન બીજી ટર્મ નહીં સ્વીકારે તેવા અહેવાલથી માત્ર રુપિયો તુટ્યો છે.સવાલ એ છે કે આવી ચર્ચાબાજી શરુ કોણે કરી ? ભાજપના સાંસદ અને બહુ વરિષ્ઠ નેતા સુબ્રમણ્યમ સ્વામીએ રાજનની નિષ્ઠા અને પ્રામાણિકતા સામે બહુ ગંભીર અને અંગત કહી શકાય તે હદના બેફામ આક્ષેપો કર્યા છે. સવાલ એ છે કે વડાપ્રધાને કે પછી ભાજપના પ્રમુખે કેમ સ્વામીને રોકયા નહીં.નાણામંત્રીએ પણ આ વિષયે ગોળગોળ જવાબો આપ્યા છે.આર્થિક રીતે આવા સંવેદનશીલ નિર્ણયને આવી રીતે ના ચગાવાય એ જવાબદારી સરકારની છે.


IN THE FOOTESTED OF JESUS

**HOLYLAND TOUR**

Exploring the journey of the
HOLY LAND
WELCOME TO
ISRAEL,JORDAN,EGYPT & DUBAI

**પ્રભુ કૃપાથી ઇઝરાયેલ ટુર -૨૦૧૬ નું આયોજન કરેલ છે.**
**દેશ-પરદેશના ઇચ્છુક ભાઇ-બહેનોને આ ટુરમાં જોડાવવા માટે જાહેર આમંત્રણ છે. આ ટુરમાં આપ જોઇ શકશો**

**ઇઝરાયેલ, ઇજીપ્ત, જોર્ડન, દુબાઇ બતાવીશું.**

Tour Date 18 May '16,Sept.16
November,2016

**પેકેજ પ્રાઇસમાં સામેલ છે. એરટિકિટ, નાસ્તો, લંચ,ડીનર, એન્ટરન્સ ફીએરપોર્ટ ટેક્સ, વીઝાફી, ખાસ ટીપ((Tips),એરફેર, હોટેલ્સ, ગાઇડ ફી,વાહનભાડાં સામેલ છે. અન્ય કોઇ છુપો ખર્ચ નહિ. ગુજરાતીમાં અનુવાદ સાથે સમજ આપવામાં આવશે. ટુરમાં જોડાવા માટે રૂ ૧૫૦૦૦/-ડિપોઝીટ પેટે મોકલવાના રહેશે.**

**પ્રાર્થન પોલ ગોહિલ,**
C/40,નતાશા પાર્ક રેસીડેન્સી- , નિઝામપુરા, વડોદરા.
૩૨૦૦૨૪ મોબાઇલ નં. ૯૮૭૯૪૪૩૩૭૪,૯૪૨૮૬૯૧૦૮૦
E.mail ID : prarthgohil@gmail.com
* * * * * * * * * * * *



AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332



**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬



★ **નીલા ફાઇનાન્સ** ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

*નીલા સી.ગામડીયા*

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

# આંધ્રપ્રદેશના કુરુપ્પા ખાતેના ભારતીય બિશપ પ્રસાદ ગાલીલાનું અજાણ્યા લોકો દ્વારા અપહરણ અને છુટકારો

કેટલાક અજાણ્યા અપહરણકારો દ્વારા કુરપ્પા,આંધ્રપ્રદેશ ડાયોસીસના બિશપ પ્રસાદ ગાલીલાનું અપહરણ કર્યુ હતું.કેથોલીક ન્યુઝના આઉટલેટ યુકેન્ન્યુઝ.કોમ દ્વારા એક મુલાકાતમાં વિગતો જાણવા મળી હતી તે મુજબ તેઓ ૫૪ વર્ષના છે.જ્યારે તેઓ એપ્રિલ ૨૫ના રોજ કરુનાગીરી શ્રાઇનથી પોતાના ઘેર પરત જઇ રહ્યા હતા ત્યારે બે વાહનોમાં આવેલા કેટલાક અજાણ્યા લોકોએ તેમનું અપહરણ કરીને તેમને અજાણી જગ્યા પર બંધક બનાવી લઇ ગયા હતા.

તેઓની આંખો પર પટ્ટી બાંધી દેવાઇ હતી અને તેમના હાથ બાંધીને તેમને માર મારવામાં આવ્યો હતો.તેઓએ મને મુક્કા માર્યા તેના કારણે મારા શરીર પર ઇજાઓ થઇ હતી.હું તેમનો પ્રતિકાર કરી શક્યો નહોતો તેવું ગાલીલાએ કહ્યુ હતું.પોલીસ આ ઘટના પાછળ જવાબદાર લોકોની ભાળ મેળવવા માટે તપાસ કરી રહી છે.

તેમણે કહ્યુ હતું કે અપહરણકારો મારી ડાયોસીસની નાણાકીય લેવડદેવડ અને નાણાંકીય સ્થિતિ બાબતે મારી પાસે જાણકારી માંગી રહ્યા હતા અને તે બાબતે તેઓ મને સતત પ્રશ્નો પુછી રહ્યા હતા.વધુમાં તેમણે કહ્યુ હતું કે ત્યાર બાદ તેઓએ મારી પાસે ૭૫,૦૦૦ડોલરની બરાબરીના રુપીયાની માંગણી મારી પાસે કરી હતી.અપહરણકારોએ કહ્યુ હતું કે જેમ તમે અન્ય લોકોની મદદ કરો છો તેમ અમારી પણ મદદ કરો.

જ્યારે મે જાણવા માંગ્યુ કે તમે કોણ છો ?તેમણે કહ્યુ હતું કે તેઓ પોલીસ વિભાગના છે.તેમણે કહયુ કે પોલીસ આવું કામ કરતી નથી.તેઓને તો સરકાર દરમાયો આપે છે તેથી તેઓ અન્યો સાથે આવો વ્યવહાર કરતા નથી.અપહરણકારો દ્વારા બીજા દિવસની સવારે તેમને છોડી મુકવામાં આવ્યા ત્યારે તેઓ ૫૫ માઇલ દુર તેમની ડાયોસીસની જગ્યાથી દુર હતા.

કુરપ્પા ડાયોસીસમાં ૧ લાખ કેથોલીકોની સંખ્યા છે.જેનુ ધ્યાન આર્ચડાયોસીસ હૈદ્રાબાદ રાખે છે.હૈદ્રાબાદ આર્ચબિશપ થુમ્મા બાલાએ એક સ્ટેટમેટ રીલીઝ ક્યુ હતું.જેમાં યુસીએ ન્યુઝને જણાવાયુ હતુ કે તેઓ આ પ્રકારના અપહરણના મુદ્દે ચિંતિત છે.પ્રેસ્ટીજીયસ રીલીજીયસ માઇનોરીટીના લીડરનું આ રીતે કોઇ અપહરણ કરી જાય તે કાયદો અને વ્યવસ્થા માટે ચિતાજનક ઘટના છે.આ પ્રકારની ઘટના બની તે માની શકાય તેવી નથી પરંતુ આ પ્રકારે થતી ઘટનાને કારણે જરુરીયાતમંદ લોકો સુધી પહોચનારાઓ માટે અને સેવાભાવી લોકો માટે ખરેખર ચિંતા ઉપજાવે તેવી છે.આવી ઘટના ના બનવી જોઇએ એમ માનીએ છીએ પરંતુ તે બની છે.ભારતના અનેક ભાગોમાં ખ્રિસ્તીઓ હુમલાના શિકાર બને છે અને હિંદુ કટ્ટરવાદીઓ દ્વારા સતાવણીના અનેક કિસ્સાઓ બની રહ્યા છે.

મેના મધ્યમાં એક ખ્રિસ્તી પાસ્ટર અને તેની પત્નીને છત્તીસગઢ રાજ્યમાં સતાવણીનો ભોગ બનવુ પડયું છે.તેઓને સખ્ત માર મારવામાં આવ્યો હતો.કારણકે તેઓએ હિદુત્વની કબુલાત કરી નહોતી. તેમની આસ્થાને તેઓ વળગી રહ્યા તેના કારણે તેમને સતાવણી ભોગવવી પડી હતી.

આજ પ્રમાણે માર્ચ માસમાં ૬૦ પેન્ટીકોસ્ટલ ખ્રિસ્તીઓની છત્તીસગઢમાં સતાવણી કરવામાં આવી હતી. તેઓને સખ્ત માર મારવામાં હિદુ કટ્ટરવાદીઓ સામેલ હતા.ગત સાલ કેરલા સ્ટેટમાં ભારતીય પાસ્ટરને પ્રાર્થના સભા યોજવામાં આવશે તો જીવતા સળગાવી દેવાની ધમકી હિદુ કટ્ટરવાદીઓ દ્વારા ધમકી આપવામાં આવી હતી.

# ભારત સરકારે જાહેર કરેલો અહેવાલ : ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં ખ્રિસ્તીઓની વસ્તી માત્ર ૧.૨૧ લાખ જ છે

ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં વટાળ પ્રવૃત્તિ ખુબ મોટા પાયે થઇ રહી હોવાના આરોપો લગાવી દેશભરમાં કાગારોળ કરનાર હિદુ કટ્ટરવાદીઓના દાવાઓ તેમની જ સરકારે આદીવાસી વિસ્તારોમાં ખ્રિસ્તીઓની વસ્તીના આંકડાઓ જાહેર કરીને પોકળ જાહેર કર્યા છે. જો કે કાગરોળ મચાવનાર હિંદુ સંગઠન વિશ્વ હિંદુ પરિષદે પોતાની ભગીની સંસ્થાઓમાં ખાસ કરીને ભારતીય જનતા પાર્ટીને આ મામલે ભરચક ફાયદો કરાવીને મતપેટીઓ છલકાવવામાં ભરપુર રાજકીય ફાયદો કરાવી આપ્યો છે અને સત્તા અપાવવામાં મદદ કરી છે.આ આંકડાઓ પરથી સત્ય દેખાઇ આવે છે કે કેવા જુઠ્ઠાણા પ્રચાર કરીને ફાયદો લેવામાં આવ્યો હતો.

કેન્દ્ર સરકારે જાહેર કરેલી વિગતો પ્રમાણે આદિવાસી વિસ્તારોમાં ૧.૨૧ લાખખ્રિસ્તી આદિવાસીઓની વસ્તી છે.સમગ્ર રાજયમાં માત્ર ૪.૭૬ લાખ ખ્રિસ્તીઓની વસતી છે.૨૫ ટકા ખ્રિસ્તી વસ્તી આદિવાસી વિસ્તારોમાં છે જે મોટા પાયે હિંદુમાંથી ખ્રિસ્તી બનેલા છે.આમ એ દાવો ખોટો પડી રહ્યો છે કે ગુજરાતમાં મોટા પ્રમાણમાં ધર્મ પરિવર્તન થઇ રહ્યું છે.છેલ્લા ૧૫ વર્ષમાં હિંદુ વિચારધારાની ભાજપ સરકાર આવી ગયા બાદ ધર્મપરિવર્તન અને ધાર્મિક અસહિષ્ણુતાનો મુદ્દો ચગાવવામાં આવતો નથી.

સૌથી વધુ ખ્રિસ્તી આદિવાસીઓમાં હોય તો તે ભીલ, ભીલ ગરાસીયા અને ધોલ જાતિના છે. જે ૩૬,૧૯૬ છે. વરલી જાતિના ૧૪,૨૦૬ ખ્રિસ્તી આદીવાસીઓ છે.આદિજાતિમાં ખ્રિસ્તીઓમાં સૌથી વધારે વસતી મહિલાઓની છે.કુલ ૧.૨૧ લાખની કુલ વસ્તીમાં ૫૯,૩૬૫ પુરુષો અને ૬૧,૪૧૨ મહિલાઓનો સમાવેશ થાય છે. આમ ખ્રિસ્તી આદિવાસી મહિલાઓની સંખ્યા વધુ છે.ગ્રામ્ય વિરસ્તારોમાં ૧.૧૪ લાખની વસ્તી છે. શહેરમાં તે પાંખી છે.

આદિવાસી વિસ્તારોમાંની ધર્મ પ્રમાણેની વસ્તીના આંકડા પણ સરકારે રજુ કર્યા હતા. તે નીચે પ્રમાણે છે.

| | |
|---|---|
| હિદુ | ૮૭,૪૭,૩૪૯ |
| મુસ્લીમ | ૩૪,૬૧૯ |
| ખ્રિસ્તી | ૧,૨૦,૭૭૭ |
| શીખ | ૧,૨૬૨ |
| બૌધ્ધ | ૧,૦૦૦ |
| જૈન | ૧,૨૬૬ |
| બીજા | ૩,૪૧૨ |
| કોઇ ધર્મ નહિ. | ૭,૪૮૯ |
| કુલ | ૮૯,૧૭,૧૭૪ |

આમ ગુજરાતમાં છેલ્લા ૧૫ વર્ષોથી ખ્રિસ્તીઓ વિરુધ્ધ વટાળ પ્રવૃત્તિ માટે કરાયેલા આક્ષેપો અને આરોપ તદન ખોટા નિકળ્યા છે. આ ઉપરાંત આ વર્ષોમાં અનેક ખ્રિસ્તીઓ અને તેમની માલ મિલકતોને આ જ હિદુ કટ્ટરવાદીઓ દ્વારા હિંસક હુમલાઓ કરાયા હતા અને તેમની માલમિલકતને નુકશાન પહોચાડાયુ હતું આ બધા માટે જવાબદાર પરિબળો સામે શું પગલાં લેવાશે?

# કેરળના સિરિયો-મલબાર કેથોલિક ચર્ચના બિશપે ગરીબ હિંદુ યુવાનને પોતાની કીડની આપી દીધી

કેરળના સિરિયો-મલબાર કેથોલિક ચર્ચના ધર્મગુરુ બિશપ જેકોબ મુરિકાએ પોતાની એક કિડની એક ગરીબ હિંદુ યુવાનને આપીને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પુરુ પાડ્યું છે.આ સર્જરી વીપીએસ લાકકેશોર હોસ્પીટલમાં કરવામા આવી હતી.જેને કીડની દાનમાં મળી છે તે યુવક અત્યંત ગરીબ છે અને ઘરમાં એકલો કમાનાર વ્યક્તિ છે. આ ઉપરાંત તે હિંદુ ધર્મી છે.

# અખબારોનું સરક્યુલેશન વાર્ષિક ૫.૦૪ટકાના દરે વધ્યુ છે

દેશમાં ટીવી, રેડીયો અને ડીજીટલ એડીશનની મજબુત સ્પર્ધા હોવા છતાં પ્રિન્ટ મીડીયા અર્થાત અખબારોનું સરક્યુલેશન વધી રહ્યું છે.અનો તેનો વ્યાપ વધી રહ્યો છે.છેલ્લા આઠ વર્ષમાં અખબારોનું સરક્યુલેશન વાર્ષિક સરેરાશ ૫.૦૪ ટકાના દરે વધ્યુ છે.એબીસીના સભ્ય એવા મોટાભાગના અખબારોનું સરક્યુલેશન આ ગાળામાં વધ્યું છે.અનેક શહેરોમાં નવા અખબારો પ્રસિધ્ધ થઇ રહ્યા છે અને જુના અખબારો પણ તેમનો વ્યાપ વધારી રહ્યા છે.જેને કારણે સમગ્ર રીતે પ્રિન્ટ મીડીયાનું વર્ચસ્વ વધી રહ્યું છે.ઓડિટ બ્યુરો ઓફ સરક્યુલેશન તેના સભ્ય એવા અખબારોના સરક્યુલેશન દર છ મહિને પ્રમાણિત કરે છે.જાન્યુ.થી જુન તથા જુલાઇ થી ડિસે.ના ગાળા માટેના આ આંકડા તે છેક ૧૯૪૮ થી એટલે કે ૬૮ વર્ષથી નિયમિત રીતે પ્રસિધ્ધ કરે છે. સરક્યુલેશન નક્કી કરવા માટે એબીસી પાસે ચાર્ટડ એકાઉન્ટન્ટસની ૯૦ એમ્પેનલ્ડ ફર્મની વિશાળ ટીમ છે.

સાઉદીમાં એક સ્ત્રીએ પોતાના પતિને દેખતો કરવા પોતાની એક આંખ આપી હતી, પછી પતિને એક આંખવાળી પત્ની ન ગમવાથી તેણે બીજા લગ્ન કર્યા હતા.

લુઇ સોળમા સામે ફ્રાંસમાં ક્રાંતિ થઇ હતી.તે સમયે એક શહીદની પુત્રીના ચિત્રના સોથબીન લીલામમાં સાઇઠ લાખ ડોલર ઉપજ્યા હતા.

# નાઇજીરીયનો બાબતે ગોવાનાં પ્રવાસન મંત્રી દિલિપ પારુલકરની નારાજગી

દેશની રાજધાની દિલ્હીમાં આફ્રિકનો પર હુમલા થઇ રહ્યા છે ત્યારે ગોવાના પ્રવાસન મંત્રી દિલીપ પારુલકરે કહ્યું છે કે નાઇજીરીયનો આખા દેશ માટે સમસ્યારુપ છે.ગોવા માટે તો તેઓ એક મોટી સમસ્યા બની ગયા છે.અને તેમનો દેશનિકાલ થવો જરુરી છે.તેમણે દાવો કર્યો હતો કે નાઇજીરીયનો ડ્રગ્સની ગેરકાયદેસરની હેરાફેરી અને ગુનામાં સંડાવાયેલા હોય છે અને દેશના કાયદાનો ભંગ કરતા રહે છે

છેલ્લા કેટલાક વખતથી દેશમાં થતા સાયબર ક્રાઇમ ફ્રોડમાં અનેકો કેસોમાં નાઇજીરીયનો નામ ખુલ્યા છે.અનેકો લોકો નાઇજીરીયનોની છેતરપીડીનો ભોગ બન્યા છે.સાઇબર ક્રાઇમ ઝડપી ઉકેલી શકાતા નથી અને ભારતીયોના નાણાં બેકમાં દેશ બહાર ઝડપથી ટ્રાન્સફર થઇ જતા હોયને ગુનેગારો પકડી શકતાનથી. તેની મંત્રીશ્રી નારાજગી વ્યાજબી છે.



**વિનંતી**
**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

**જાહેરાત માટે સંપર્ક કરો**
આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

**સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત**
**કેર કોમ્પ્યુટર સેન્ટર**
**ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,**
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.
**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

# રિઝર્વ બેન્કે સ્વીકાર્યુ છે કે દેશમાં કામ કરતા એટીએમ પૈકીનું ત્રીજુ કામ કરતું નથી

ભારતમાં દર ત્રીજુ એટીએમ કામ કરતું નથી એવું ભારતીય રિઝર્વ બેન્કે સ્વીકાર્યુ છે.તેનાથી સરકારની સામે દેશના ગ્રામ્ય વિસ્તારમાં રહેનારા કરોડો ગરીબ લોકો સુધી બેકિંગ સેવા પહોચાડવાના માર્ગમાં મોટો પડકાર ઉભો થયો છે. આરબીઆઇના ડેપ્યુટી ગવર્નર એસ.એસ. મુદડાએ જણાવ્યુ હતું કે આરબીઆઇએ સમગ્ર દેશમાં એક સેમ્પલ સર્વેના આધારે ૪૦૦૦ એટીએમનું નિરિક્ષણ કર્યુ હતું. આ સરવેના પરિણામો ખુબજ નિરાશાજનક હતા. તેમણે જણાવ્યુ હતું કે આ એટીએમમાંથી આશરે એક તૃતીયાંશ એટીએમ કામ નહી કરતાં હોવાનું જાણવા મળ્યુ હતું. મુંદડાએ જણાવ્યુ હતુ કે આરબીઆઇ આ સબંધમાં બેકો વિરુધ્ધ આવશ્યક કાર્યવાહી કરશે.વડાપ્રધાન મોદીએ લાખો ભારતીયોને ફાઇનાન્સીયલ સિસ્ટમમાં સામેલ કરવાને પોતાની પ્રાથમિકતામાં સામેલ કર્યુ છે. અને તેઓ ઇચ્છે છે કે પ્રત્યેક નાગરિક પાસે એક બેક ખાતુ હોય. વિશ્વ બેન્કનું અનુમાન છે. કે ૫૩ટકા ભારતીય વયસ્ક પાસે એક ઔપચારિક બેંક ખાતુ છે.કામ કરતાં એટીએમની ફાઇનાન્સિયલ ઇન્ક્લુઝનમાં મહત્વપુર્ણ ભુમિકા હોય છે.ખાસ કરીને એવા દુર સુદરના વિસ્તારોમાં જ્યાં બેક પોતાની શાખા ખોલી શકતી નથી. જેટલીએ બજેટ ભાષણમાં આગામી ત્રણ વર્ષમાં સમગ્ર દેશમાં એટીએમની એક જાળ પાથરવાની વાત કહી હતી.

# કેનેડામાં ખાલિસ્તાન દ્વારા શીખ યુવાનોને ત્રાસવાદની તાલિમ અપાતી હોવાના કાવતરાનો પર્દાફાશ

લુધિયાણાના ચાક કલાન ગામ ખાતેથી ખાલિસ્તાન ટેરર ફોર્સના કથિત સભ્ય મનદિપસિંહની ધરપકડ બાદ ખાલિસ્તાનીઓના કાવતરાનો પર્દાફાશ થયો છે. પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન દલ ખાલસા ઇન્ટરનેશનલના વડા ગજિન્દરસિંહ નિજ્જર સાથેની મનદિપસિંહની ટેલિફોનિક વાતચીત આંતર્યા બાદ તેને ઝડપી લેવાયો હતો.મનદીપ પતિયાલા અને લુધિયાણામાંના લક્ષાંકોની રેકી કરી રહ્યો હતો.જ્યારે નિજ્જર પાકિસ્તાનમાંથી હથિયારોની વ્યવસ્થામાં લાગ્યો હતો.

જાન્યુઆરી ૨૦૧૬માં મનદીપસિંહ ભારત આવ્યો હતો અને તેની પાસે પોલીસ અધિકારીઓ,શિવસેનાના નેતાઓ અને ડેરાઓના વડાઓની હત્યા કરવાની યોજના હતી.ભારતમાં કેનેડા સ્થિત નિજ્જર અને પાકિસ્તાન સ્થિત ગજેન્દ્રસિંહ સાથે સતત સંપર્કમાં હતો.તાજેતરમાં જ પંજાબના લુધિયાણા અને જલંધરના શિવસેના અને સંઘના નેતાો પર હુમલા થયા હતા.

૯૦ના દાયકામાં ભારતના પંજાબમાંથી નિર્મુળ થયેલા ખાલિસ્તાનવાદીઓ ફરીથી સક્રિય થઇ રહ્યા છે.જાન્યુઆરી ૨૦૧૬માં પંજાબના પઠાણકોટ એરબેઝ ખાતે આતંકી હુમલા બાદ સજાગ બનેલી પોલીસે તેમજ ગુપ્તચર એજન્સીઓએ કેનેડા સરકારને સચેત કરી છે.ભારતમાં પંજાબમાં હુમલા કરવા ખાલિસ્તાન તરફી આંતકવાદીઓ કેનેડામાં બ્રિટિશ કોલમ્બિયા પ્રાંતમાં મિશન સીટી નજીક આતંકવાદીઓને તાલીમ અપાઇ રહી છે.અને કેનેડીયન શીખ હરદીપ નિજ્જર ખાલિસ્તાન ટેરર ફોર્સના ઓપરેશન હેડ તરીકે કામ કરી રહ્યો છે.તેણે પંજાબમાં હુમલા માટે શીખ યુવાનો સહિતનું એક આતંકી મોડ્યુલ તૈયાર કર્યુ છે.

# મથુરામાં સ્વાધીન ભારત સુભાષ સેનાએ પોલીસ પર કરેલા હુમલામાં ૨૪ લોકોના મોત

પોતાને સ્વાધીન ભારત સુભાષ સેના નામના જુથ તરીકે ઓળખાવતા અને ઉત્તરપ્રદેશની મથુરાની સરકારી મિલકત જવાહરબાગ પર છેલ્લા બે વર્ષથી કબજો જમાવી ચુકેલાને ખદેડવા માટે ગયેલી પોલીસ પર કરાયેલા હુમલામાં પોલીસ સહિત ૨૪ લોકોના મોત નિપજ્યા હતા.

સેનાના લોકો પોતાને સુભાષચંદ્ર બોઝના અનુયાયીઓ,રાજકીય અને સામાજિક ક્રાંતિકારીઓ ગણાવે છે.તેઓ સરકાર સમક્ષ અનેક અટપટ્ટી માંગણીઓ કરી ચુક્યા છે.આ સંગઠન બાબા જયગુરુદેવના સભ્યોનું બનેલું હોવાનુ મનાય છે.રામવૃક્ષ યાદવ,ચંદન બોઝ,ગીરીશ યાદવ,અને રાકેશ ગુપ્તા આ સંગઠનના કર્તાહતા મનાય છે.આ સત્યાગ્રહીઓએ જવાહરબાગને આઝાદ હિંદ સરકારનું મુખ્યમથક બનાવી દીધુ હતું.

જવાહરબાગને સત્યાગ્રહીઓની ચુંગાલમાંથી છોડાવવા માટે ગયેલ પોલીસ પર એક-૪૭વડે ગોળીઓ ચલાવવામાં આવી હતી.જેમાં એક એસપી,અને એક એસએચઓ માર્યા ગયા હતા.જો કે ગોળીબારીમાં મેજિસ્ટ્રેટ બચી ગયા હતા.વ્યાપક હિંસા પર ઉતરેલા આ સત્યાગ્રહીઓએ વસાહતમાં આગ ચાંપી દીધી હતી પરિણામે આગમાં ૧૧ લોકોના મોત નિપજયા હતા.૨૭૦ એકરની મિલકત પર આ આઝાદ હિંદના લોકોએ કબજો જમાવ્યો હતો અને સમાતર સરકાર તેઓ ચલાવતા હતા.આમ યુપીની સરકાર પર વિપક્ષોએ આક્ષેપોનો મારો ચલાવ્યો હતો.

# મહારાષ્ટ્રના ભાજપના સિનિયર પ્રધાન એકનાથ ખડસે વિરુધ્ધ હાઇકોર્ટમાં ફરિયાદ દાખલ કરી

મહારાષ્ટ્રના મહેસુલ પ્રધાન એકનાથ ખડસે માટે ભારે મુસીબતોનો સામનો કરવો પડે તેવી સ્થિતિ સર્જાઇ છે.વડોદરાના હેકર મનીષ ભંગાલેએ દાઉદ ઇબ્રાહિમ સાથે કડી ધરાવવા બદલ મહારાષ્ટ્રના મહેસુલ પ્રધાન એકનાથ ખડસે સામે બોમ્બે હાઇકોર્ટમાં કેસ દાખલ કર્યો છે.આ અરજીની સુનાવણી હવે છ જુને હાથ ધરવામાં આવશે.આ ઉપરાંત આ પ્રકરણની તપાસ એટીએસ દ્વારા કરવામાં આવશે તેવું મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડનવીસે કહ્યુ હતું..આ પહેલાં ખાનગી સચિવ ગણેશ પાટિલે આ પ્રકરણની તપાસ પણ એસીબીને સોપી હતી. આમ મહેસુલ પ્રધાન ખડસે સામે કટોકટીની પળો આવી ગઇ છે.

મુંબઇ કોંગ્રેસના નેતા સંજય નિરુપમે મહારાષ્ટ્રના રાજયપાલને મળીને મહેસુલ પ્રધાન ખડસેને બરતરફ કરવાની માંગણી પણ કરી છે.આ ઉપરાંત એક અંગ્રેજી અખબારે એમઆઇડીસી દ્વારા જમીન ખરીદી પ્રકરણાં એકનાથ ખડસે સામે આંગળી ચીંધી છે.આ ઉપરાંત ખડસેના પત્ની અને તેમના જમાઇ વિરુધ્ધ પણ હેમંત ગવડે નામની વ્યક્તિએ પુણેના બંડગાર્ડન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવી છી.

ખડસે વિરુધ્ધ કેસ નોધાવનારે તેના જાનની સલામતી માટે પોલીસ રક્ષણની માંગણી કરી છે.તેણે ભાજપના કાર્યકરો દ્વારા તેના પર હુમલો થવાની શક્યતાને કારણે આવી માંગણી કરી હતી.ભાંગલેના જળગાંવ માં રહેતા કાકા-કાકીએ જણાવ્યુ હતું કે ભાજપના કાર્યકરોએ ધમકાવીને ગંભીર પરિણામો ભોગવવાની ધમકી આપી છે.

ભાજપ માટે એકનાથ ખડસે સામેના આરોપો પુરવાર થયા નથી પરંતુ તેમના કારનામાઓ સવત્ર ફેલાઇ ચુકયા છે.ખડસે મહારાષ્ટ્રમાં ભાજપ માટે મોટું માથુ ગણાય છે.મહારાષ્ટ્રમાં ભાજપ-શિવસેના યુતિનો વિજય થયો ત્યારે મુખ્યમંત્રી પદની રેસમાં ખડસે પણ હતા.પરંતુ ત્યારબાદ ફડનવીસની નિયુક્તી થતાં ખડસેને બીજુ મહત્વનું સ્થામ મહેસુલ ખાતુ અપાયુ હતું.તેથી મહારાષ્ટ્રની ગાદી કોને સોપવી તે માટે વાર લાગી હતી.મહારાષ્ટ્રની સરકારને બે વર્ષ પુરા થયા નથી ત્યારે ખડસે હાલમાં તો હેડલાઇનમાં છવાયેલા છે.ખડસે વિરુધ્ધની યાદીઓ હવે લાંબી થઇ રહી છે.

જે ફોન માટે હેકરે પુરાવા આપ્યા તે ફોન નંબર બંધ હતો તેવો ખુલાસો ખડસે દ્વારા કરાયો હતો. પરંતુ તેના વળતા પ્રહારમાં અંજલિ દમણિયાએ ખુલાસો કર્યો હતો કે એ નંબર વપરાશમાં હતો અને તેના બિલ પણ ચુકવાયા હતા.જો કે આ બાબતે પ્રથમ તો મહારાષ્ટ્રની પોલીસે ખડસેને કલીન ચીટ આપી હતી.


**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪



**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭



ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૯૯
૯૮૨૪૩૬૨૪૬૨



**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦
વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.
આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી
સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.